ગુજરાતમિત્ર

શો ટાઈમ

ગુરુવાર ૨૩ એપ્રિલ, ૨૦૨૬



બોલિવૂડના મ્યુઝિક 'સમ્રાટ'કે કોપી કિંગ... Pg.2



એવા દશ્યો ભજવવા માટે ઉત્સુક છું જેના કારણે મને... Pg.4

કાજોલની 'JAY(A)' હો...



સામાન્ય રીતે દીકરી તેની મા જેવી જ હોય છે. સ્વભાવમાં અને દેખાવમાં મોટાભાગે દીકરી અને મા એક સમાન હોય છે. પરંતુ, બોલિવૂડમાં એવી એક એક્ટ્રેસ છે જે પોતાની માતા સાથે નહીં પરંતુ અન્ય પીઢ એક્ટ્રેસ સાથે સમાનતા ધરાવે છે. હા, તમે બરાબર વિચારો છો. આપણે વાત કરીએ છીએ કાજોલની. સુત્રોના જણાવ્યા પ્રમાણે કાજોલની સરખામણી હાલમાં જયા બચ્ચન સાથે થઇ રહી છે. એક તો કાજોલ અને જયા બચ્ચન મૂળભુત ક્યાંના વતની છે? તે બંનેનો સ્વભાવ કેવો છે અને પાપારાઝી સાથે તેમની વર્તણુક કેવી છે? આ બધી બાબતોને લઈને તેમની વચ્ચે કેટલી સમાનતા છે તે ચર્ચાનો વિષય બની ગયો છે.

કાજોલને આજકાલ જયા બચ્ચન પાર્ટ 2 તરીકે સંબોધવામાં આવે છે. તેની પાછળ ઘણા કારણો માનું એક એ પણ છે કે જયા બચ્ચનની જેમ કાજોલ પણ બંગાળી છે. કાજોલે પોતે કારકિર્દીની ટોચ પર હતી ત્યારે લગ્ન કર્યા હતા અને તે સમયે તેનો પતિ અજય દેવગણ એટલો સફળ એક્ટર બન્યો ન હતો. બરાબર આવી જ પરિસ્થિતિ જયા બચ્ચન સાથે પણ હતી. જયાના લગ્ન જયારે અમિતાભ બચ્ચન સાથે થયા ત્યાર તે પણ પોતાની કારકિર્દીની ટોચ પર હતી અને તે સમયે તેમના પતિ અમિતાભ બચ્ચનને હજુ સફળતા મળી ન હતી. આમ, કાજોલ અને જયા બચ્ચન બંને એ પોતાની પુર સપાટે દોડતી કારકિર્દી અધવચ્ચે જ છોડીને લગ્ન કર્યા હતા. બંનેના પતિ ગંભીર અને એન્ગ્રીમેનની ઇમેજ ધરાવે છે અને બંનેને એક પુત્રી અને એક પુત્ર છે. બીજું, બંનેનો સ્વભાવ પણ લગભગ સરખો જ છે. ચાહકોએ નોંધ્યું છે કે કાજોલ ઘણીવાર પાપારાઝીને વ્યક્તિગત તેમજ અંગત જગ્યામાં દખલગીરી કરવા બદલ ઠપકો આપે છે. આ લગભગ જયા બચ્ચન જેવું જ રિએક્શન છે જ્યારે તે મીડિયા ફોટોગ્રાફર્સને ઠપકો આપતી હોય છે. જયા બચ્ચનની જેમ જ કાજોલને પણ તેના અંગત જીવનમાં કોઇ દખલગીરી કરે તે પસંદ નથી. આવા સમયે કાજોલ ખૂબ જ ગુસ્સે થઇ જાય છે. કાજોલે ઘણીવાર પાપારાઝી સાથે તોછડાઈથી વર્તન કર્યું છે. તેનો ગુસ્સેલ સ્વભાવ અને તોછડાઈભર્યું વર્તન ફેંસને જયા બચ્ચન જેવું લાગે છે. વળી, કાજોલ જયા બચ્ચનને ઘણું પસંદ પણ કરે છે. એક ઈન્ટરવ્યુમાં તેને જયા બચ્ચનને 'ક્લાસી ગર્લ' પણ કહ્યું હતું. તેમને મુંબઈમાં દુર્ગા પૂજાની ઉજવણીમાં પણ ઘણી વાર સાથે જોવામાં આવ્યા છે. જયા બચ્ચન કાજોલને પ્રેમથી ભેટ્યા હતાં. આમ, બંને વચ્ચે એક ઉષ્માભર્યો સંબંધ છે. આમ છતાં, કાજોલને જ્યારે ખબર પડી કે તેની સરખામણી જયા બચ્ચન સાથે વારંવાર કરવામાં આવે છે ત્યારે તેણે તીવ્ર પ્રતિક્રિયા આપી છે. કાજોલ આ બાબતમાં દલીલ કરે છે કે, ફોટોગ્રાફર્સ ઘણીવાર નકારાત્મક હેડલાઈન બનાવવા માટે ઉશ્કેરણીજનક વર્તન કરે છે. આ કારણસર તેને કડક વલણ રાખવું પડે છે. કાજોલની ઘણીવાર ફોટોગ્રાફર્સ પર મોટેથી ચિલ્લાવા બદલ અને તેમના પર ગુસ્સે થવા બદલ ટીકા કરવામાં આવી છે. કાજોલની માતા તનુજાને ક્યારેય આપણે આવી રીતે ગુસ્સે થતા કે તોછડું વર્તન કરતા જોઈ નથી. આ બિલકુલ જયા બચ્ચન જેવું વર્તન છે. એટલે જ ફોટોગ્રાફર્સ કાજોલ માટે કહે છે કે તે જયા જેવી 'ડરામણી' અને 'ધમકાવનારી' છે. કાજોલ પોતાનો બચાવ કરતા કહે છે કે હું કેટલાક લોકોનો ખાસ કરીને અંતિમ સંસ્કાર જેવા સંવેદનશીલ કાર્યક્રમોમાં બિનજરૂરી દખલગીરીનો ફક્ત જવાબ આપતી હોવ છુ અને

કાજોલ ઘણીવાર પાપારાઝીને વ્યક્તિગત તેમજ અંગત જગ્યામાં દખલગીરી કરવા બદલ ઠપકો આપે છે. જયા બચ્ચનની જેમ જ કાજોલને પણ તેના અંગત જીવનમાં કોઈ દખલગીરી કરે તે પસંદ નથી. આવા સમયે કાજોલ ખૂબ જ ગુસ્સે થઇ જાય છે

ત્યારે એવા લોકોને હું ડરામણી અને ધમકાવનારી લાગુ છું. જ્યારે કોઈ અંતિમ સંસ્કારના કાર્યક્રમમાં જતું હોય અને ફોટોગ્રાફર્સ તમારો પીછો કરે અને તમને પોઝ આપવાનું કહે ત્યારે તે ઘણું વિચિત્ર અને અપમાનજનક લાગે છે. તમે બપોરના ભોજન માટે પણ બહાર જઈ શકતા નથી. મને લાગે છે કે અમુક જગ્યાઓ પર ફોટોગ્રાફર્સએ ન હોવું જોઈએ. તેમ છતાં, તેઓ કોઈ ફોટો ક્લિક કરવા કે કોઈ નકારાત્મક ટેગ લાઈન બનાવવા માટે આવું વર્તન કરે છે. કાજોલ પોતાના વર્તન વિષે સ્પષ્ટતા કરતા કહે છે કે તે પાપારાઝીની ગુંડાગર્દી ચલાવવાની નથી. તેઓ તમને ધક્કો મારશે, સારા પિક્ચર્સ માટે ચીસો પડશે પરંતુ તેમને સમજાવવું પડે છે કે તેમ કરવાથી સારા પિક્ચર્સ મળતા નથી. પરંતુ, વાત ફક્ત પિક્ચર્સની નથી હોતી, તેઓ ઈચ્છે છે કે તમે કોઈ પ્રતિક્રિયા આપો જેથી તેઓ કોઈ નેગેટીવ ટેગ લાઈન પણ આપી શકે. કાજોલ આટલે જ નથી અટકતી, તે પાપારાઝીની વધુ ટીકા કરતા કહે છે, તેઓ જુહુથી બાંદ્રા સુધી તમારો પીછો કરે છે અને જુએ છે કે હું ક્યાં જઈ રહી છું અને કઈ ઈમારતમાં જાઉ છું. મને આ વાત ડિસ્ટર્બ કરે છે. કાજોલ અને જયા બચ્ચનનો દુર્ગા પૂજા વખતનો એક વિડિયો પણ બહાર આવ્યો હતો કે જેમાં કાજોલ અન્ય લોકો પર ગુસ્સે થઇ જાય છે. તે વિડિયોને જોઈને ઘણા એ કાજોલ માટે 'જુનિયર જયા બચ્ચન' અને 'આ તો જયા બચ્ચનને ટક્કર આપે તેવી છે' એવી કમેન્ટ કરી હતી. હવે, કાજોલ પાપારાઝીની બાબતમાં જયા બચ્ચનને ટક્કર આપશે કે નહીં તે તો ખબર નથી. પરંતુ, સોશિયલ મીડિયા પર અને પાપારાઝી વચ્ચે તો કાજોલ જયા બચ્ચન પાર્ટ 2 બની જ ગઈ છે. અને આમાં અભિષેકની સ્થિતિ જોઇને કાજોલપુત્ર યુગની ચિંતા થાય છે!●

અમિતાભ ઈન્ટરનેટના વિચારોના પૂરમાં

પીઢ અભિનેતા અમિતાભ બચ્ચને ઈન્ટરનેટ પર વિચારોના અતિશય પ્રવાહને લઈને ચિંતા વ્યક્ત કરતી એક પોસ્ટ શેર કરી છે કે જે સોશિયલ મીડિયાના ઘોંઘાટ વચ્ચે તેમના ચાહકોને તેમના આંતરિક વિચારોની એક દુર્લભ ઝલક આપે છે. ૮૩ વર્ષીય મેગસ્ટારે પોતાની અંગત બ્લોગ પર વધુને વધુ ઝડપી ગતિ ધરાવતા ડીજીટલ વિશ્વમાં વિચારો અને અપેક્ષાઓનું સંચાલન કરવું એક પડકાર જેવું છે એ વાત પર તેઓ પ્રતિબિંબ પડતા કહે છે કે, " દરેક દિવસ નવા વિચારો લઈને આવે છે અને દરેકને પૂરતા ખંત સાથે આગળ વધારવાની ઈચ્છા અને વળી એક જ સમયે બધું જ ઉકેલવામાં અસમર્થતા ઘણીવાર ચિંતામાં વધારો કરે છે. આ બધું એક જ વારમાં પૂરું કરી શકાતું નથી. તેથી તમે 'એક સમયે એક'ના સિદ્ધાંત પર કામ કરો છો. આ બધું ઠીક છે. છતાં, મન હજુ શું કરવાનું બાકી છે તે યાદ અપાવતું રહે છે એટલે તેની ચિંતા થયા કરે છે." બીગ બી.એ સમજાવ્યું કે કેવી રીતે આરામની પળોમાં પણ મનને શાંત કરી શકાતું નથી. "તમે બધું છોડીને પાછા બેસો છો, એવી આશામાં કે મન તે દિશામાં વિચારવાનું બંધ કરશે, પણ..ના..એ બંધ થતું નથી. ઈન્ટરનેટનું તોફાન જોરદાર ફૂંકાય છે જેના કારણે ઓનલાઈન માહિતી અને અફવાઓના પૂર વચ્ચે ખરેખર શું મહત્વનું છે તે ઓળખવું મુશ્કેલ બની જાય છે. માહિતીઓ કેટલી ઝડપથી મળે છે અને કેટલી ઝડપથી ફેલાય છે તેના પર પ્રકાશ પડતા કહે છે કે," જ્ઞાનની પહોંચ તાત્કાલિક બની ગઈ છે, પરંતુ તે ઊંડા ચિંતન વગર આવે છે. કઈ પણ જાણવું હોય તો ફક્ત એક બટન જ દબાવવાની જરૂર હોય છે, પરંતુ લોકો 'મગજ'ના બટનનો ઉપયોગ કરતા નથી. આજની પેઢીના મતે 'અત્યારે'નો શો મતલબ થાય છે અને ભૂતકાળમાં શો મતલબ થતો હતો તે બંને ને સાથે સરખાવે છે. અગાઉ પણ આ અમિતાભે જીવનના ઉદ્દેશ્યને સમજવા માટે થતા વૈશ્વિક માનવ સંઘર્ષ વિષે પોતાના આંતરિક વિચારો રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, આ સવાલનો કોઈ ચોક્કસ જવાબ નથી. દરેકના જવાબ અલગ અલગ હોય શકે. અંતે, તમે ખાલી હાથે આવ્યા છો અને તેવી રીતે જ જશો. •

બોલિવ્લોગ વિથ પૅપ

બાઝીગરના સેટ પર શિલ્પા દાઝી ગઈ હતી

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી એ ફિલ્મ બાઝીગરથી પોતાની એક્ટિંગની કારકીર્દીની શરૂઆત કરી હતી જે ૧૯૯૩ માં આવી હતી. શિલ્પા તે બાઝીગર ફિલ્મના એક શોટ દરમિયાન HMT લાઈટથી દાઝી ગયાની ઘટના યાદ કરે છે. તે કહે છે કે, મારી પીઠ HMT લીટથી દાઝી ગઈ હતી. શોટ એમ હતો કે મારે ફ્રેમમાંથી નીકળવાનું હતું અને પાછળ એક બેબી લાઈટ મૂકી હતી જેને મારી પીઠ સ્પર્શી ગઈ. દાઝ્યા હોવ ત્યારે તરત તમને ખ્યાલ આવતો નથી, પરંતુ જ્યારે તમને બળતરા શરૂ થાય છે ત્યારે જ ખબર પડે છે. દાઝી ગઈ હોવા છતાં, તેણે કોઈ પણ જાતનો હોબાળો કર્યો નહીં અને કામ ચાલુ રાખ્યું. એટલું જ નહિ , તે બીજા દિવસે પણ શૂટ માટે હાજર થઈ ગઈ. તે યાદ કરતા કહે છે કે," બીજા દિવસે મારે જે આઉટ ફીટ પહેરવાનો હતો તે હું પહેરી શકતી ન હતી કારણ કે હું દાઝી ગઈ હતી. એટલે મેં તે આઉટ ફીટ આગળથી પહેરી લીધો અને પાછળથી સિલાઈ કરવા કહ્યું જેથી મારે ઝીપ મારવી ન પડે. બોલિવૂડમાં નિર્માતાઓએ તેને કામ આપ્યું તેની પાછળનું કારણ જણાવતા શિલ્પા કહે છે કે, મને કામ મળ્યું કારણ કે લોકોએ મારી મહેનત જોઈ. ગમે તે પરિસ્થિતિ હોય હું કામ ચોક્કસ કરીશ. મેં મારા જીવનમાં એટલી સખત મહેનત કરી કે મારા કારણે બીજા કોઈને નુકસાન ન થાય. શિલ્પા મને છે કે તેના આ અભિગમને કારણે તે ૩૨ વર્ષ લાંબી કારકિર્દી બનાવી શકી. શિલ્પા શેટ્ટીને છેલ્લે ૨૦૨૪ માં આવેલી વેબ સીરીઝ ઈન્ડિયન પોલીસ ફોર્સમાં જોવામાં આવી હતી. આ શો રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સનો પણ હિસ્સો હતો કે જેમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને વિવેક ઓબેરોયએ પણ કામ કર્યું હતું. •

વિનમ્રતામાં પણ રણવીર ધુરંધર

એરપોર્ટ પર ભારતીય વ્હીલચેર ક્રિકેટર ભીમા ખૂંટી સાથેની ઉષ્માભરી મુલાકાત બાદ રણવીર સિંઘ ઓનલાઈન ઘણી પ્રશંસા મેળવી રહ્યો છે. એક વિડિયો પ્રમાણે રણવીર તેમનું સ્વાગત કરવા માટે રોકાઈ ગયો, તેની સાથે હાથ મિલાવ્યા, થોડી વાતચીત પણ કરી અને પછી ફ્લાઈટ માટે રવાના થતા પહેલા તેમને ઓટોગ્રાફ પણ આપ્યો. આ બનાવ સોશિયલ મીડિયા પર ઘણો ચર્ચામાં છે. ચાહકોએ રણવીરની ફક્ત ઓન સ્ક્રીન વિનમ્રતા માટે જ નહીં પણ ભીમા ખૂંટી એ અનુભવેલી ઓફ સ્ક્રીન નમ્રતા માટે પણ ઘણી પ્રશંસા કરી છે. તે એરપોર્ટ પર ક્રિકેટર ભીમા ખૂંટીને મળવા સામેથી રોકાય છે. ૮૫૧૨ બાદ ખુંટી પોસ્ટ મુકે છે કે, જીંદગી ક્યારેક તમને યાદગાર પળો આપે છે અને રણવીર સાથે વિતાવેલી પળો એવી જ યાદગાર છે. આજે મેં એવી અમૂલ્ય ક્ષણ મળી ગઈ. મને રણવીરને મળવાની તક મળી ગઈ. હું મારા જીવનમાં ઘણી વ્યક્તિઓને મળ્યો છું, પરંતુ, જે સાદગી, વિનમ્રતા અને આદરનો અનુભવ મને આજે થયો છે તે ખરેખર સ્પેશ્યલ છે.

એક સુપર સ્ટાર હોવું અલગ વાત છે પરંતુ, એક સારા માનવી હોવું તે વાસ્તવમાં તમને સ્ટાર બનાવે છે. આ પળ મારી સાથે આજીવન રહેશે." તેની 'ધુરંધર'એ વિશ્વભરમાં ૧૬૭૧ કરોડની કામણી કરી છે અને તે હજી ચોથા અઠવાડિયામાં પણ દર્શકોને આકર્ષિત કરી રહી છે. હવે, રણવીર સિંહ પ્રલય માં અભિનય કરવા માટે તૈયારી કરી રહ્યો છે. •